7. For further details contact Authorised Officer of **Aadhar Housing Finance Limited, Pandit Pradeep Pachori (Contact No.9111131122) & Amitkumar Soni (Contact No.9913333214)** OR the service provider M/s C1 INDIA PVT LTD, **Mr. Prabhakaran, Mobile No: +91-74182-81709, E-mail:tn@c1india.com & support@bankeauctions.com, Phone No. +917291981124 /25 /26.** As on date, there is no order restraining and/or court injunction AHFL/the authorized Officer of AHFL from selling, alienating and/or disposing of the above immovable properties/ secured assets.
8. For detailed terms and conditions of the sale, please refer to the link provided in Aadhar Housing Finance Limited (AHFL), secured creditor's website i.e. **www.aadharhousing.com.**
9. The Bid incremental amount for auction is **Rs.10,000/-.**
10. This newspaper publication and the data contained herein is intended for general public dissemination. Any reproduction, distribution, transmission, or republication of this content, in whole or in part, in any form or by any means, whether print, digital, electronic publication in any form, e-mail or web publications, or otherwise through any mode is strictly prohibited. Any unauthorized use of the above content through any mode may result in appropriate legal action by AHFL.

Place : Gujarat
Date : 01.07.2026

Sd/- Authorised Officer
Aadhar Housing Finance Limited

ાઠી-ટોડા રોડ પરથી રૂ. ૧૯.૨૪ ાખના વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

| અમરેલી

અમરેલી જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન ા દારૂબંધીના કડક અમલ માટે લાઠી પોલીસ એક્શન માં આવી છે. લાઠી પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન ળી ચોક્કસ બાતમીના આધારે લાઠી અને ટોડા ગામ વચ્ચે ૫ ગોઠવીને વિદેશી દારૂના મસમોટા જથ્થા સાથે એક ટ્રકને પી પાડવામાં મોટી સફળતા મળી છે.

મુદામાલની વિગતમાં વિદેશી દારૂની કિંમત: રૂ. ૯,૨૪,૮૦૦/ કુલ કબ્જે કરેલ મુદામાલ (ટ્રક સહિત): રૂ. ૬,૩૪,૮૦૦/- ધરપકડ કરાયેલ આરોપી: આશીફ ખોખર ટ્રક ચાલક)

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બાતમીવાળી ટ્રક ઘટનાસ્થળેથી પસાર થતાં જ પોલીસે તેને અટકાવીને તલાશી લીધી હતી. ટ્રકમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની પેટીઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો, જેને પ્લાસ્ટિકના કવરથી ઢાંકીને છુપાવવામાં આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સાથે ટ્રક ચાલક આશીફ ખોખર નામના ઈસમને ઘટનાસ્થળે જ દબોચી લીધો હતો. લાઠી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, કુલ રૂ. ૨૯.૩૪ લાખથી વધુનો મુદામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો તે અંગે પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.



હિન્દુ લગ્ન અધિનિયમ અંગે વડી અદાલત દ્વારા મહત્ત્વનું અર્થઘટન કરવામાં આવ્યું

સપ્તપદી વિના માત્ર મેરેજ સર્ટિફિકેટના આધારે લગ્ન કાયદેસર ગણાશે નહીં: ગુજરાત હાઈકોર્ટ

ફેમિલી કોર્ટનો લગ્ન માન્ય હોવાનો ઓર્ડર રદ કરી ગુજરાત હાઈકોર્ટે કથિત લગ્નને રદબાતલ જાહેર કર્યું

પ્રચલિત રિવાજો અને વિધિ અનુસાર લગ્ન થવા જરૂરી-અવલોકન | હાઈકોર્ટે જણાવ્યું કે હિન્દુ લગ્ન અધિનિયમની કલમ ૭ મુજબ લગ્ન પક્ષકારોના પ્રચલિત રિવાજો અને વિધિ અનુસાર સંપન્ન થવા જરૂરી છે. જ્યાં સપ્તપદી વિધિનો રિવાજ હોય ત્યાં સાતમું પગલું પૂર્ણ થતાં જ લગ્ન કાયદેસર રીતે પૂર્ણ ગણાય છે. આ વિધિઓ વિના લગ્નને કાયદાની નજરે સંપન્ન થયેલા લગ્ન કહી શકાય નહીં જ્યારે કલમ ૮ હેઠળનું રજિસ્ટ્રેશન માત્ર પહેલેથી કાયદેસર રીતે સંપન્ન થયેલા લગ્નનો પુરાવો પૂરું પાડે છે પરંતુ આવું રજિસ્ટ્રેશન પોતે લગ્ન સર્જી શકતું નથી.



લગ્ન માત્ર ઔપચારિક કાર્યક્રમ નથી, પવિત્ર સંસ્કાર છે : HC

હાઇકોર્ટે વધુમાં જણાવ્યું કે હિન્દુ પરંપરામાં લગ્ન માત્ર ઔપચારિક કાર્યક્રમ નથી, પરંતુ પવિત્ર સંસ્કાર છે. જેના આધારે નવા પરિવારની રચના થાય છે. યુવા સ્ત્રી-પુરુષોએ લગ્નના પવિત્ર સ્વરૂપને સમજવું જોઈએ. લગ્ન માત્ર ગીત-સંગીત, ભોજન કે સામાજિક ઉજવણી માટેનો પ્રસંગ નથી અને તેને વેપારી વ્યવહાર તરીકે પણ જોવો જોઈએ નહીં. તે જીવનભરના સમાનતા, પરસ્પર સન્માન અને જવાબદારીના સંબંધની શરૂઆત છે. આ તમામ હકીકતોને ધ્યાનમાં રાખી ગુજરાત હાઈકોર્ટે ફેમિલી કોર્ટનો આદેશ રદ કરી પક્ષકારો વચ્ચેનું કથિત લગ્ન શરૂઆતથી જ રદબાતલ અને અમાન્ય હોવાનુ જાહેર કર્યું હતું.

| અમદાવાદ |

હિન્દુ લગ્ન અધિનિયમ હેઠળ હિન્દુ લગ્ન ત્યારે જ કાયદેસર અને માન્ય ગણાય જ્યારે કાયદા મુજબની આવશ્યક ધાર્મિક વિધિઓ અને રિવાજો, જેમાં સપ્તપદી (સાત ફેરા) જેવી વિધિનો સમાવેશ થાય છે, તે પૂર્ણ કરવામાં આવી હોય તેમ ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદામાં ઠરાવ્યું છે. માત્ર લગ્નનું રજિસ્ટ્રેશન થઈ જવાથી લગ્ન કાયદેસર બની જતા નથી. જો આવશ્યક વિધિઓ જ કરવામાં આવી ન હોય તો રજિસ્ટ્રેશન સર્ટિફિકેટને કોઈ કાનૂની માન્યતા મળતી નથી. એટલે કે, માત્ર મેરેજ રજિસ્ટ્રેશનથી હિન્દુ લગ્ન કાયદેસર બનતા નથી. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર. ટી. વાચ્છાણીની ખંડપીઠે આ મહત્ત્વનો ચુકાદો જાહેર કર્યો હતો. આ કેસમાં એક અરજદારે ફેમિલી કોર્ટના આદેશને પડકાર્યો હતો. તેણે દાવો કર્યો હતો કે પક્ષકારો વચ્ચે કાયદેસર હિન્દુ લગ્ન થયા જ નહોતા, તેથી કથિત લગ્નને રદબાતલ જાહેર કરવામાં આવે. જો કે, ફેમિલી કોર્ટે લગ્નનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર ઉપલબ્ધ હોવાથી લગ્ન માન્ય હોવાનું પ્રાથમિક અનુમાન વ્યક્ત કરી મામલાની સંપૂર્ણ ટ્રાયલ ચલાવવાનો નિર્ણય કર્યો હતો. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર. ટી. વાચ્છાણીની ડિવિઝન બેન્ચે નોંધ્યું હતું કે, પતિવાદી મહિલાએ પોતે જ લેખિત જવાબમાં સ્વીકાર્યું હતું કે બંને વચ્ચે કોઈપણ હિન્દુ લગ્નવિધિ કે આવશ્યક ધાર્મિક સંસ્કાર થયા નહોતા અને તેઓ પતિ-પત્ની તરીકે ક્યારેય બંધાયા નહોતા. આવી સ્પષ્ટ અને નિર્વિવાદ કબૂલાત પછી માત્ર રજિસ્ટ્રેશનના આધારે લગ્ન માન્ય હોવાનું અનુમાન ટકી શકતું નથી અને આવી સ્થિતિમાં સંપૂર્ણ ટ્રાયલ ચલાવવાનો કોઈ અર્થ રહેતો નથી.

સમગ્ર ક્ષત્રિય સમાજનું ગૌરવ... એવા અમારા ભાણુભા

શ્રી કુલદીપસિંહ ઝાલા સાહેબને

ખૂબ-ખૂબ અભિનંદન



શ્રી કુલદીપસિંહ ઝાલા સાહેબ IAS

શ્રી કુલદિપસિંહ ઝાલા સાહેબ ગામ ધનાળા, ડો. સુરેન્દ્રસિંહજી ઝાલા સાહેબના પુત્રને GAS માંથી IAS તરીકે પ્રમોશન મળવા બદલ હાર્દિક અભિનંદન સાથે ખાંભા (રાજ) ગામનું પણ ગૌરવ વધતા અમો શુભેચ્છા પાઠવીએ છીએ

આપની વર્ષોની નિષ્ઠા, પ્રમાણિકતા અને જનસેવાનાં સમર્પિત કાર્ય ને મળેલ સન્માન બદલ સમગ્ર ક્ષત્રિય સમાજ ગૌરવની લાગણી અનુભવે છે. આપ સફળતાના શિખરો સર કરી સમાજ અને રાષ્ટ્રની સેવાના નવા કીર્તિમાન સ્થાપિત કરો તેવી શુભકામના સાથે માતાજીને પ્રાર્થના.

શુભેચ્છક

સ્વ.નરેન્દ્રસિંહજી ડેશુભા જાડેજા ◆ સ્વ.ગજરાજસિંહજી ડેશુભા જાડેજા

જયવંતસિંહજી ડેશુભા જાડેજા ◆ કૃષ્ણકુમાર નરેન્દ્રસિંહજી જાડેજા

વિક્રમસિંહજી નરેન્દ્રસિંહજી જાડેજા ◆ મહેન્દ્રસિંહજી જયવંતસિંહજી જાડેજા

અમારી કંપની માટે પાર્ટનર ની જરૂરિયાત છે.

ફાર્માસ્યૂટિકલ માર્કેટિંગ કંપની

- ઈન્વેસ્ટમેન્ટ ₹ 50 લાખ
- 25% કાયમી ભાગીદારી
- દર મહિને ₹ 35000 નો ફિક્સ પ્રોફિટ
- 5 વર્ષ માં ₹ 40 લાખ નું ઈન્વેસ્ટમેન્ટ પરત
- છઠ્ઠા વર્ષ થી વાર્ષિક ₹ 25 લાખ થી વધુ ની આવક

આવનાર 10 વર્ષમાં પાન ઈન્ડીયા કંપની નું આયોજન

પાંચ વર્ષ નો સમય આપી શકો તો અમારો સંપર્ક કરશો. 94297 00425

પોસ્ટમોર્ટમ અને એફએસએલ રિપોર્ટના આધારે કાનૂની કાર્યવાહી કરવાની માંગ

આયુષી બલદાણીયા મૃત્યુ કેસમાં મહુવામાં ન્યાયની માંગ, મામલતદારને આવેદનપત્ર અપાયું

જસદણની સૈનિક સ્કૂલ ટ્રેનિંગ સેન્ટરની હોસ્ટેલમાં મૃત્યુ થયુ હતુ



| મહુવા (સંદેશ બ્યુરો) |

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટા જાદરા ગામના રહેવાસી રમેશભાઈ નરશીભાઈ બલદાણીયાની ૧૦ વર્ષીય પુત્રી કું. આયુષી બલદાણીયાના જસદણ સ્થિત આલ્ફા નવોદય અને સૈનિક સ્કૂલ ટ્રેનિંગ સેન્ટર હોસ્ટેલમાં રહેતી હતી. હોસ્ટેલની કથિત બેદરકારીના કારણે થયેલા મૃત્યુ મામલે મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરવામાં આવી હતી. મહુવાના આહીર જ્ઞાતિ રાધાકૃષ્ણ મંદિર ટ્રસ્ટ તથા મહુવાના લોકો દ્વારા અપાયેલા આવેદન પત્રમાં કેસની તપાસ એસ.આઈ.ટી. અથવા ઉચ્ચ પોલીસ અધિકારીઓની દેખરેખ હેઠળ કરાવવા, ફરિયાદીની પસંદગીના વિશેષ સરકારી વકીલની નિમણૂક કરવા, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવા, ઘટનામાં સંડોવાયેલા તમામ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા તેમજ પોસ્ટમોર્ટમ અને એફ.એસ.એલ. રિપોર્ટના આધારે જરૂરી કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આવેદન સ્વીકાર્યા બાદ, મામલતદાર જાડેજાએ રજૂઆત અંગે સઘન તપાસ કરાવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવું આશ્વાસન આપ્યું હતું.

GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
INTERNATIONAL INNOVATIVE UNIVERSITY
Accredited with A+ grade by NAAC

Dharohar Bhartiya Gyan Parampara Kendra- GTU

Courses Name	Fees
(1) The Gita Today: Ancient Wisdom for Modern Times (2) Vedas Unveiled: Foundations of Indian Knowledge (3) The Science of the Ancients: Discovering India's Intellectual Legacy (4) Life Lessons from the Mahabharata: Insights for Contemporary Living (5) Kathak: A Journey Through the Lakhnou Gharana Tradition (6) Engineering Marvels of Ancient India: A Legacy of Innovation (7) Indian Contributions to the World of Science: A Historical Exploration (8) Vedic Mathematics: Unlocking the Secrets of Ancient Calculations	1500 + 500 exam Fees

Registration start from 25th June 2026 To 30th August 2026

For Course wise Eligibility / Syllabus /Course Duration and More details please visit https://dharohar.gtu.ac.in and go to course tab

Contact –Office- 079-23267690 Admin - 7433033044 (11 am to 6 pm)
E-mail - office_assistant_dharohar@gtu.edu.in

બેંક ઓફ બરોડા / Bank of Baroda

રીંગ રોડ શાખા : પહેલો માળ, સનેશ્વર કોમ્પ્લેક્ષ, બાલાજી હોલ સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૪

તારીખ : ૦૯.૦૬.૨૦૨૬

ઉધારકર્તા ને નોટિસ
(સરફેસી એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ (૨) હેઠળ)
રજી. એ.ડી./ કુરીયર દ્વારા

પ્રતિ,
(૧) શ્રીમતી કુસુમબેન ચંદુલાલ રાવલ
(૨) શ્રી કશ્યપ ચંદુભાઈ રાવલ
બંનેનું સરનામું : ફ્લેટ નં. ૧૦૧, કુંજ કોમ્પ્લેક્ષ શેરી નં. ૫, દ્વારકેશ પાર્ક, ડ્રીમ સીટી પાસે, રાજકોટ - ૩૬૦૦૦૬

માનનીય સાહેબશ્રી,

વિષય : શ્રીમતી કુસુમબેન ચંદુલાલ રાવલ અને શ્રી કશ્યપ ચંદુભાઈ રાવલની અમારી બેંક ઓફ બરોડા, રીંગ રોડ શાખા, રાજકોટની ક્રેડીટ ફેસેલીટી અંગે

૧. અમે અમારા વિવિધ ક્રેડીટ ફેસેલીટી અને મંજૂરીની શરતોની અનુમતી આપતા તા. ૩૦.૧૧.૨૦૨૩ ના Retail- 00002270068-LMS અને તા. ૩૦.૧૧.૨૦૨૩ ના Retail-00002270143-LMS મંજુરીપત્ર નો સંદર્ભ લઈએ છીએ. ઉપરોક્ત મંજુરીના અનુસંધાનમાં, તમે વિવિધ ક્રેડીટ ફેસેલીટીનો લાભ મળેલ છે અને તેના માટે તમે સીકયુરિટી તરીકે આપ્યા પછી ઉપર કહ્યા મુજબ વિવિધ ક્રેડીટ ફેસેલીટીનો ઉપયોગ કરવાનું શરૂ પણ કરેલ છે. સદરહુ લોન/ક્રેડીટ ફેસેલીટી એકાઉન્ટના વર્તમાન બાકી લેણાં અને આવી જવાબદારીઓ માટેના બનેલ સીકયુરિટી ઈન્ટરસ્ટ્સ નીચે મુજબ છે :

ફેસેલીટીનો ગુણ અને પ્રકાર	લીમીટ રૂ. માં (વાસ્તવિક)	વ્યાજનો દર (હાલનો અને મંજુરી સમયનો)	તા. ૦૮.૦૬.૨૦૨૬ ના રોજના બાકી લેણાં (રૂ. માં) (કરાર આધારિત લેણા) નોટિસની તારીખથી (તા. ૦૮.૦૬.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)
બરોડા હોમ લોન એડવાન્ટેજ ૩૮૭૧૦૬૦૦૦૦૨૫૧૧	રૂ. ૧૬,૩૯,૫૦૦	વર્તમાન ૮.૯૦% વાર્ષિક દરે (BRLLR ૭.૯૦% + ૧.૦૦%) મંજુરી સમયે ૮.૫૦% વાર્ષિક દરે (BRLLR ૯.૧૫% -૦.૭૦%)	રૂ. ૧૪,૯૫,૭૩૮.૧૪/- (તા. ૦૮.૦૬.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત) + તા. ૦૮.૦૬.૨૦૨૬ થી વધારાના નહીં લાગુ પડેલ વ્યાજ અને અન્ય ખર્ચાઓ
બરોડા ટોપ અપ લોન ૩૮૭૧૦૬૦૦૦૦૨૫૩૭	રૂ. ૪,૧૧,૦૦૦	વર્તમાન ૯.૭૫% વાર્ષિક દરે (BRLLR ૭.૯૦% + ૦.૨૫% -૧.૬૦%) મંજુરી સમયે ૯.૩૫% વાર્ષિક દરે (BRLLR ૯.૧૫% + ૦.૨૫% -૦.૦૫%)	રૂ. ૩,૭૫,૮૬૮/- (તા. ૦૮.૦૬.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત) + તા. ૦૮.૦૬.૨૦૨૬ થી વધારાના નહીં લાગુ પડેલ વ્યાજ અને અન્ય ખર્ચાઓ
કુલ	રૂ. ૨૦,૫૦,૫૦૦		રૂ. ૧૮,૭૧,૬૦૬.૧૪/- (તા. ૦૮.૦૬.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત) + તા. ૦૮.૦૬.૨૦૨૬ થી વધારાના નહીં લાગુ પડેલ વ્યાજ અને અન્ય ખર્ચાઓ

સિક્યુરીટી એગ્રીમેન્ટ સાથે સિક્યુરીટીઝનું ટુંકમાં વર્ણન

ઇક્વીટેબલ મોર્ગેજ કરેલ રહેણાંક મિલ્કત : જે રહેણાંક ફ્લેટ નં. ૧૦૧, પહેલો માળ, બિલ્ટઅપ વિસ્તાર ૪૭-૧૭ સ્કે.મી., કુંજ કોમ્પ્લેક્ષ તરીકે ઓળખાતુ બિલ્ડીંગ, રેવન્યુ સર્વે નં. ૧૭૦/૧ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૨૨ (ડ્રાફ્ટ) (રૈયા), ફાઈનલ પ્લોટ નં. ૩૧/૧, ૨૦૭-૭૭ સ્કે.મી. ની જમીન ઉપર બંધાયેલ બિલ્ડીંગ, પ્લોટ નં. ૨૪૨ અને ૨૪૩, 'દ્વારકેશ' તરીકે ઓળખાતો વિસ્તાર, ગામ રૈયા, તાલુકો અને જી. રાજકોટ, ગુજરાત રાજ્ય ખાતે સ્થિત છે. (ઓનરશીપના હક્ક સાથે) ચતુર્સિમા નીચે મુજબ છે : ઉત્તર : ખુલ્લી જગ્યા, દક્ષિણ : ખુલ્લી જગ્યા, પૂર્વ : માર્જીન અને રસ્તો, પશ્ચિમ : દાદરા, લીફ્ટ ખુલ્લી જગ્યા અને સદરહુ ફ્લેટનો મુખ્ય દરવાજો

(૨) જેમ તમે જાણો છો, તમે ફેબ્રુ.-૨૦૨૬ ના રોજ પૂરા થયેલા મહિનાના અંત સુધી ઉપરોક્ત લોન/ બાકી રકમ પર વ્યાજની ચુકવણીમાં ડિફોલ્ટ થયા છો. તમે ટર્મ લોન/ ડિમાન્ડ/ કેશ ક્રેડિટ લોનના હપ્તાઓની ચુકવણીમાં પણ ડિફોલ્ટ થયા છો જે તા. ૧૦.૦૨.૨૦૨૬ ના રોજ અને તે પછી ચુકવણી માટે બાકી હતા.

(૩) તમારી વારંવારની નિષ્ફળતાને કારણે તમારા લોન એકાઉન્ટને સમયાંતરે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જારી કરેલ માર્ગદર્શક સંહિતા અને સૂચના મુજબ તારીખ ૦૮.૦૬.૨૦૨૬ થી નોન પરફોર્મિંગ એસેટ્સ (એન.પી.એ.) તરીકે વર્ગીકૃત કરેલ છે. અમારી વારંવારની વિનંતીઓ તથા માંગણીઓ હોવા છતાં તમે લોનના બાકી લેણા તથા તેના ઉપર લાગુ વ્યાજની ચુકવણી કરેલ નથી કે સ્ટોક અને બુક ડેબ્ટ્સ સ્ટેટમેન્ટ પણ જમા કરેલ નથી. ઉપરોક્ત પેરા ૧ માં દર્શાવેલ વિવિધ સિક્યુરિટીઝ દ્વારા સુરક્ષિત રૂપે સિક્યોર્ડ ક્રેડીટ ફેસેલીટીઝ અને તમારા ખાતાને નોન પરફોર્મિંગ એસેટ્સ તરીકે વર્ગીકૃત કરવા સંબંધી તમારી જવાબદારીઓને પહોંચી વળવા માટેની નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને, અમે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના કલમ ૧૩ ના પેટા કલમ (૨) અનુસાર નોટિસ આપીએ છીએ અને તમને સંપુર્ણપણે અને બેંક તરફી તમારી જવાબદારીઓ સ્વરૂપે પેરા ૧ માં કહ્યા અનુસાર બાકી લેણી રકમ રૂ. ૧૮,૭૧,૬૦૬.૧૪/- (રૂપિયા અઢાર લાખ એકોતેર હજાર છસ્સો છ અને ચૌદ પૈસા પુરા) + ઉપરોક્ત દર્શાવેલ કોષ્ટક અનુસારના લાગુ વધારાના વ્યાજ અને અન્ય ખર્ચાઓ સહિતની રકમ, આ નોટિસથી સાંઈઠ (૬૦) દિવસની અંદર ચૂકવવાનું જણાવીએ છીએ. અમે વધુમાં જણાવીએ છીએ કે વ્યાજ સાથેની કુલ રકમની ચુકવણીમાં કસુરવાર થયે, અમે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના સેકશન ૧૩ના પેટા કલમ (૪) હેઠળના તમામ અથવા કોઈપણ અધિકારોનો ઉપયોગ કરવા સ્વતંત્ર રહેશું, જેની નોંધ લેશો.

(૪) મહેરબાની કરીને નોંધ લેશો કે, જ્યાં સુધી ચૂકવણી પુરી ન થાય ત્યાં સુધી દરેક ક્રેડીટ સુવિધા માટે ઉપરના પેરા ૧ માં દર્શાવેલ દરે વ્યાજ વસૂલવાનું ચાલુ રહેશે.

(૫) અમે સદરહુ કલમ ૧૩ની પેટા કલમ (૧૩) ને ધ્યાનમાં લઈને જણાવીએ છીએ કે, ઉપરોક્ત પેરા ૧ માં દર્શાવેલ, અમારી અગાઉની લેખિત સંમતિ પ્રાપ્ત કર્યા વિના (વ્યાવસાયિક જરૂરિયાત સિવાય) સુરક્ષિત મિલકતોમાંથી કોઈને પણ વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ ઉપરોક્ત જોગવાઈનું પાલન ન કરવું એ સેકશન ૨૯ હેઠળ સજાને પાત્ર છે.

(૬) કલમ ૧૩ ની પેટા કલમ (૮) ને ધ્યાનમાં રાખીને જણાવીએ છીએ કે જાહેર હરાજી/ આમંત્રણ અવતરણ/ ટેન્ડર ખાનગી સંધિ માટે નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખ પહેલાં કોઈપણ સમયે જો બેંક દ્વારા કરવામાં આવેલ તમામ ખર્ચ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેની બાકી કુલ રકમ ચુકવો તો તમે તમારી સુરક્ષિત સંપતિને મુક્ત કરી શકો છો. ઉપરની નોટિસ પ્રકાશન થયા પછી તમે તમારા મુક્ત કરવાનો અધિકાર પ્રાપ્ત કરી શકશો નહીં, જેની નોંધ લેશો.

(૭) કૃપા કરીને નોંધ લેશો કે, આ માંગણા નોટિસ આપને પ્રાપ્ય કોઈપણ અન્ય અધિકારો કે ઉપાયોના પૂર્વગ્રહ વગરની છે, મર્યાદા વિના સહિત, અમારા દ્વારા બાકી રકમની માંગણી કરવાનો અધિકાર રહેશે.

આપનો વિશ્વાસુ - ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

(આ નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

અમરેલીમાં બે જૂથ વચ્ચે મારામારી

અમરેલી

અમરેલીના મણિનગર વિસ્તારમાં એક વ્યક્તિ ઘર બહાર ઉભા હોવાના મુદ્દે થયેલી બોલાચાલી બાદ બંને પક્ષના લોકો સામસામે આવી ગયા હતા. દરમિયાન ગાળાગાળી બાદ મારામારી થઈ હતી. એક પક્ષની ફરિયાદમાં મહિલાને લાકડાના ધોકા વડે તેમજ તેના પતિ અને દિયરને માર મારી ઈજા પહોંચાડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સાથે જ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પણ ફરિયાદ નોંધાઈ છે. બીજા પક્ષે નોંધાવેલી ફરિયાદમાં ઘરની બહાર અવાજ થતાં વચ્ચે પડવા ગયેલા લોકો પર હુમલો કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

જેઠના પુત્રને વિડીયો ઉતારવાની ના પાડતા હુમલો

રાજકોટ : કુવાડવા તાબેના જામગઢ ગામે રહેતા શોભનાબેન ગેલાભાઈ સોલંકીએ કુવાડવા રોડ પોલીસમાં જેઠ ભનુભાઈ તથા તેનો પુત્ર વિશાલ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલે સાંજે તેણી ઘરે હતા ત્યારે જેઠના પુત્રો મનોજ અને વિશાલ બન્નો પોતાના ફોનમાં વિડીયો ઉતારતા હોય જેથી બીજા પુત્ર જોઈ જતા વિડીયો ઉતારવાની ના પાડતા વિશાલ અને મનોજે બોલાચાલી કરી ઝઘડો કરવા લાગ્યા [illegible] પોલીસે ગુનો નોંધ્યો છે.

CHANGE OF NAME

I THE UNDERSIGNED PANDYA RAJENDRA AMRUTLAL HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM PANDYA RAJENDRAKUMAR AMRUTLAL TO PANDYA RAJENDRA AMRUTLAL

PANDYA RAJENDRA AMRUTLAL
Add : Kalpvan A3 1110, Bh Toyota Show Room, Nr Gondal Road Kangashivab Po. Dhoera Dist. Rajkot, Gujarat 360022

બેંક ઓફ બરોડા / Bank of Baroda

આજી ઈન્ડસ્ટ્રીયલ એરીયા શાખા : શ્રીજી એસ્ટેટ, ફીલ્ડ માર્શલ પાસે, ૮૦ ફૂટ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૩

એપેન્ડીક્ષ ૪ (જુઓ નિયમ ૮ (૧)) કબજા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)

આથી, બેંક ઓફ બરોડાના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ તથા કલમ ૧૩ (૧૨) હેઠળ મળેલ સત્તાની રૂએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અંતર્ગત નિયમ ૩ને વંચાણે લઈને તા. ૧૭.૧૧.૨૦૨૫ ના રોજ ડીમાન્ડ નોટિસ જારી કરીને ઉધારકર્તા/ જામીનદાર/ મોર્ગેજર (૧) મે. આદિત્ય ટ્રેડીંગ કું. (ઉધારકર્તા) (પ્રોપરાઈટર : મૃતક શ્રી રજનીશ રાય) અને તેના કાયદાકીય વારસદાર શ્રીમતી અંજુ રાય (૨) શ્રીમતી અંજુ રાય (કાયદાકીય વારસદાર) (મૃતક શ્રી રજનીશ રાય ના પત્ની) અને (મે. આદિત્ય ટ્રેડીંગ કું. ના જામીનદાર) ને નોટિસમાં ઉલ્લેખિત તા. ૧૭.૧૧.૨૦૨૫ ના રોજની બાકી લેણી રકમ રૂ. ૪૯,૯૨,૨૯૦.૪૮/- (રૂપિયા ઓગણપચાસ લાખ બાણું હજાર બસ્સો નેવું અને અડતાલીસ પૈસા પુરા) + કરાર આધારિત દરે નહીં લાગુ પડેલ વ્યાજ + કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ, આ માંગણા નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તા/ જામીનદાર/ મોર્ગેજર સદરહુ રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, ઉધારકર્તા/ જામીનદાર/ મોર્ગેજર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે કલમ ૧૩ (૪) અંતર્ગત અધિનિયમના નિયમ ૮ ને વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અંતર્ગત આપેલી સત્તાની રૂએ તે/તેણી અધોહસ્તાક્ષરીએ ૨૮ જુન, ૨૦૨૬ ના રોજ નીચે જણાવેલ મિલ્કતનો કબ્જો લઈ લીધેલ છે.

સુરક્ષિત સંપત્તિને મુક્ત કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એક્ટની કલમ ૧૩ના પેટા કલમ (૮) ની જોગવાઈ માટે ઉધારકર્તાઓને ધ્યાનમાં લેવાનું જણાવવામાં આવે છે.

ઉધારકર્તા/ જામીનદાર/ મોર્ગેજર ને વિશેષરૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલ્કત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાવર મિલ્કત/તો અંગે કરેલો કોઈપણ વ્યવહાર બેંક ઓફ બરોડા ની તા. ૧૭.૧૧.૨૦૨૫ના રોજની બાકી લેણી રકમ રૂ. ૪૯,૯૨,૨૯૦.૪૮/- (રૂપિયા [illegible]) + સંપૂર્ણ રકમની ચુકવણી સુધીના કરાર આધારિત દરે નહીં લાગુ પડેલ વ્યાજ + કોસ્ટ, ચાર્જીસ સંપૂર્ણ રકમની ચુકવણી સુધીના બોજાને આધિન રહેશે.

સિક્યુરિટી એગ્રીમેન્ટ મુજબ સિક્યોરિટીઝનું ટુંકમાં વર્ણન

ઈક્વીટેબલ મોર્ગેજ કરેલ રહેણાંક ફ્લેટ નં. ૨૦૧ : જેનો બિલ્ટઅપ વિસ્તાર ૬૪-૩૨ સ્કે.મી., અવધ પ્લાઝા - ૧ તરીકે ઓળખાતા બિલ્ડીંગનો બીજો માળ, બિનખેતીલાયક રાજકોટ રેવન્યુ સર્વે નં. ૩૪૧ ના પ્લોટ નં. ૭૪ ની ૨૪૫.૩૫ સ્કે.મી. (૨૯૩-૪૩ સ્કે. યાર્ડસ) ની જમીન પર બંધાયેલ, પ્લોટસ ની જમીન પૈકી બિલ્ડીંગ બાંધકામની પરવાનગી સાથે, રાજકોટ શહેર, જી. , પેટા જી. અને રજી. જી. રાજકોટ, ગુજરાત રાજ્ય ખાતે સ્થિત છે. જે શ્રીમતી અંજુબેન રાજેન્દ્રપ્રસાદ રાય ના નામની છે. તા. ૨૭.૦૬.૨૦૧૧ ના વેચાણ દસ્તાવેજ નં. ૫૪૯૦ મુજબ મિલ્કતની ચતુર્સિમા : ઉત્તર : બંધાયેલ કોમ્પ્લેક્ષ ની અન્યોની માલિકીની મિલ્કત, દક્ષિણ : અન્યોની માલિકીની મિલ્કત, પૂર્વ : ૪૦ ફુટનો રસ્તો, પશ્ચિમ : દાદરા/ લીફ્ટ અને ફ્લેટ નં. ૨૦૨

તારીખ : ૨૮.૦૬.૨૦૨૬, સ્થળ : રાજકોટ — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

(આ નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

બેંક ઓફ બરોડા / Bank of Baroda

રીંગ રોડ શાખા : પહેલો માળ, સનેશ્વર કોમ્પ્લેક્ષ, બાલાજી હોલ સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૪

એપેન્ડીક્ષ ૪ (જુઓ નિયમ ૮ (૧)) કબજા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)

આથી, બેંક ઓફ બરોડા ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ તથા કલમ ૧૩ (૧૨) હેઠળ મળેલ સત્તાની રૂએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અંતર્ગત નિયમ ૩ ને વંચાણે લઈને તા. ૧૬.૧૦.૨૦૨૫ ના રોજ ડીમાન્ડ નોટિસ જારી કરીને ઉધારકર્તા/ જામીનદાર / મોર્ગેજર શ્રી સતીષ નંદલાલ બાસોપીયા અને શ્રીમતી લીનાબેન સતીષભાઈ બાસોપીયા ને નોટિસમા ઉલ્લેખિત બાકી લેણી રકમ રૂ. ૮,૭૦,૬૧૨/- (રૂપિયા આઠ લાખ સીત્તેર હજાર છસ્સો બાર પુરા) તા. ૧૩.૦૯.૨૦૨૫ સુધીનું તેના ઉપરનું વ્યાજ સાથે સંપૂર્ણ રકમની ચુકવણી સુધીનું લાગુ ચડત વ્યાજ અને ખર્ચાઓ, આ માંગણા નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તાઓ / જામીનદાર / મોર્ગેજર સદરહુ રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, ઉધારકર્તાઓ/ જામીનદાર / મોર્ગેજર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે કલમ ૧૩ ની પેટા કલમ (૪) અંતર્ગત અધિનિયમના નિયમ ૮ ને વંચાણે લેતા આપેલી સત્તાની રૂએ તેણે અધોહસ્તાક્ષરીએ તારીખ ૨૭ જુન, ૨૦૨૬ ના રોજ નીચે જણાવેલ મિલ્કતનો કબ્જો લઈ લીધેલ છે.

સુરક્ષિત સંપત્તિને મુક્ત કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં સરફેસી એક્ટની કલમ ૧૩ના પેટા કલમ (૮) ની જોગવાઈ માટે ઉધારકર્તાઓને ધ્યાનમાં લેવાનું જણાવવામાં આવે છે.

ઉધારકર્તાઓ / જામીનદાર / મોર્ગેજર ને વિશેષરૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલ્કત અંગે કોઈપણ જાતની વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલ્કત અંગે કરેલો કોઈપણ વ્યવહાર, બેંક ઓફ બરોડા ની બાકી લેણી રકમ રૂ. ૮,૭૦,૬૧૨/- (રૂપિયા આઠ લાખ સીત્તેર હજાર છસ્સો બાર પુરા) તા. ૧૩.૦૯.૨૦૨૫ સુધીનું તેના ઉપરનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ સાથે સંપૂર્ણ રકમની ચુકવણી સુધીનું તેના ઉપર વધારાનું વ્યાજ સાથે સંપૂર્ણ રકમની ચૂકવણી / વસુલાત સુધીનું લાગુ ચડત વ્યાજ અને ખર્ચાઓ સાથેના બોજાને આધીન રહેશે.

સ્થાવર મિલ્કતનું વર્ણન

બધા ભાગ અને અંશ સહિતનો રહેણાંક ફ્લેટ નં. ૧૦૭ : જેનો બિલ્ટઅપ વિસ્તાર ૩૦.૨૧ સ્કે.મી., પહેલો માળ, આવકાર સીટી, વીંગ-સી બિલ્ડીંગ, રહેણાંક હેતુ ૫૩૪૪.૦૧ સ્કે.મી. ની બિનખેતી જમીન, સીંગલ યુનિટ પ્લોટ નં. ૧, રે.સ. નં. ૧૦ પી ૨, ગામ વાવડી હાલ આરએમસી હદમાં, રાજકોટ ખાતે સ્થિત જે શ્રી સતીષ નંદલાલ બાસોપીયા અને શ્રીમતી લીનાબેન સતીષભાઈ બાસોપીયા ના નામની છે. ચતુર્સિમા : ઉત્તર : ખુલ્લુ આકાશ, દક્ષિણ : કોમન પેસેજ, પૂર્વ : ફ્લેટ નં. ૧૦૧, પશ્ચિમ : ફ્લેટ નં. ૧૦૬

તારીખ : ૨૭.૦૬.૨૦૨૬, સ્થળ : રાજકોટ — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

(આ નોટિસનું અંગ્રેજીમાંથી પ્રાદેશિક ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

બેંક ઓફ બરોડા / Bank of Baroda

ઝોનલ સ્ટ્રેસ્ડ એસેટ રીકવરી શાખા : અમદાવાદ ઝોન
ચોથો માળ, બેંક ઓફ બરોડા ટાવર, લો ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. ફોન : ૦૭૯-૨૬૪૭૩૧૫૪
E-mail : armahm@bankofbaroda.bank.in

સ્થાવર મિલકતોના વેચાણ માટે નોટીસ

પરિશિષ્ટ-૪ એ (જુઓ ૮(૬)ની જોગવાઈઓ)

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈઓ સાથે વંચાતા સિક્યોરિટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

આથી જાહેર જનતા તેમજ ખાસ કરીને દેવાદાર (રો) અને જામીનદાર (રો) ને જાણ કરવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો, જે કોન્સોર્ટિયમ (બેંક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેંક અને ઈન્ડિયન બેંક તરીકે સભ્ય બેંક) - સિક્યોર્ડ લેણદારને ગીરવે / ચાર્જરૂપે આપવામાં આવેલી છે, તે મિલકતોનો રચનાત્મક કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારીએ, કોન્સોર્ટિયમ (બેંક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેંક અને ઈન્ડિયન બેંક તરીકે સભ્ય બેંક) ના તરફથી, સિક્યોર્ડ લેણદાર તરીકે મેળવી લીધો છે. ઉપરોક્ત મિલકતોનું વેચાણ "જ્યાં છે", "જે છે" અને "જેમ છે તેમ" ના આધારે **તારીખ ૨૭ જુલાઈ, ૨૦૨૬ના** રોજ, નીચે દર્શાવેલ બાકી રકમની વસુલાત માટે, સિક્યોર્ડ લેણદાર એટલે કે કોન્સોર્ટિયમ (બેંક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેંક અને ઈન્ડિયન બેંક તરીકે સભ્ય બેંક) ના હિતમાં કરવામાં આવશે. દેવાદાર (રો)/ જામીનદાર (રો) / સિક્યોર્ડ મિલકત (ઓ)/ બાકી રકમ/ રીઝર્વ કિંમત/ ઈ-હરાજીની તારીખ અને સમય/ ઈએમડી તથા બીડ વૃદ્ધિ રકમની વિગતો નીચે દર્શાવેલ છે :

ક્રમ નં.	ઉધારકર્તા/ઓ, જામીનદાર/ રો ના નામ અને સરનામા	કુલ બાકી લેણા	મિલકતોની વિગત	રીઝર્વ કિંમત, ઈએમડી અને બીડ વૃદ્ધિની રકમ
૧	**૧. મે. એડિસન ગ્રેનિટો પ્રાઈવેટ લિમિટેડ**, ઓફિસ નં. ૧૫૦૯, શપથ-૫, ક્રાઉન પ્લાઝા હોટેલ નજીક, એસ.જી. હાઈવે, પ્રહલાદનગર, અમદાવાદ - ૩૮૦૦૫૪, **તેમજ** બિલેશ્વર, તલોદ થી હરસોલ રોડ, પો. હરસોલ, તા. તલોદ, જિલ્લા સાબરકાંઠા - ૩૮૩૩૦૫, **૨. શ્રી અશોકકુમાર અમૃતભાઈ પટેલ (ડિરેક્ટર અને જામીનદાર)**, દેરીવાળી ફળી, પૃથ્વીપુરા, અંકાલા, ઈડર, સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩૪૧૦, **૩. શ્રી ભરતભાઈ મફતભાઈ પટેલ (ડિરેક્ટર અને જામીનદાર)**, ઈ/ ઈ-૩૨, ભાગ્યોદય સોસાયટી, દેવી સિનેમા પાછળ, નરોડા, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૩૦, **૪. શ્રી દિનેશ ધીરજલાલ નડાપરા (ડિરેક્ટર અને જામીનદાર)**, ૫૦૨, મહર્ષિ ટાવર, યુનિવર્સિટી રોડ, જલારામ ૨, રૈયા રોડ, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૭, **૫. શ્રી કલ્પેશભાઈ હસમુખભાઈ શાહ (જામીનદાર)**, બિલેશ્વર કાંપા, હરસોલ, તા. તલોદ, જિલ્લા સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩૩૦૫, **તેમજ**, ફ્લેટ નં. જે/૪૦૨, ચોથો માળ, બ્લોક નં. જે, પ્રમુખ ઓરા, સરગાસણ ચોકડી નજીક, ખ-રોડ, પ્રમુખનગર પાછળ, પ્રાર્થના ગ્રીન્સ બાજુમાં, મોજે ઉવારસદ, તા. અને જિલ્લો ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૨, **૬. શ્રી કરસનભાઈ રણછોડભાઈ પટેલ (જામીનદાર)**, લક્ષ્મણગઢ, ગોરલ, સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૪૧૦, **તેમજ** ઘર નં. ૧૧, લક્ષ્મણગઢ, તા. ઈડર, સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૪૧૦, **૭. શ્રીમતી ધીરાબેન વિનોદભાઈ પટેલ (જામીનદાર)**, ૫૭, બદામ ફાર્મ, ચિલોડા રોડ, નંદોળ, દેહગામ,	રૂ. ૧,૧૭,૨૪,૮૮,૨૧૦.૩૨ (રૂપિયા એકસો સતર કરોડ ચોવીસ લાખ અઠયાસી હજાર બસ્સો દસ અને બત્રીસ પૈસા પૂરા) તા. ૨૪.૦૬.૨૦૨૬ મુજબ (તા. ૩૧.૦૭.૨૦૨૩ ના રોજની કલમ ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસના સંદર્ભમાં) (પેન્ડિંગ લિટિગેશન એસ.એ.નં. ૩૦/૨૦૨૪ ફાઈલ તા. ૧૦.૦૧.૨૦૨૪, ડીઆરટી-૧, અમદાવાદ) (કંપની પીટિશન નં. ૩૧ (અમદાવાદ) ના ૨૦૨૪ કંપનીઝ એક્ટ અનુસાર માનનીય એનસીએલટી, સમક્ષ મે. એડિસન ગ્રેનિટો પ્રા.લિ. ના શેરહોલ્ડર ડાયરેક્ટરમાંના એક દ્વારા ફાઈલ કરાયેલ)	**લોટ નં. (૧)** : સ્થાવર મિલકતના તમામ પીસ અને પાર્સલ જે પ્લોટ નં. ૩૮/૧ પરના રહેણાંક બંગલોનું ક્ષેત્રફળ એરીયા ૧૮૨ ચો.મી. સાથે બાંધકામ ગ્રાઉન્ડ ફ્લોર, પહેલો માળ અને બીજો માળ, ગૌતમ સોસાયટી, જમીનનો આર.એસ. નં. ૧૧૩૦/૧, શેરી નં. ૪, નિલકંઠ સોસાયટી પાછળ, રવાપર રોડ, મોરબી, જે **શ્રી ભરતભાઈ બચુભાઈ પટેલ (વંસાદાડિયા)** અને **શ્રીમતી સ્વાતી ભરતભાઈ પટેલ (વંસાદાડિયા) (જામીનદાર)** ના નામે છે. મોર્ગેજ ડીડ મુજબ **ચતુર્સીમા : પૂર્વ** : શ્રી સુશીલભાઈ નટવરલાલ પારેખની બિલ્ડીંગ, **પશ્ચિમ** : ગૌતમ સોસાયટીનો જાહેર રસ્તો, **ઉત્તર** : નરેન્દ્રભાઈ પુનમચંદ મહેતાનું મકાન જે હાલમાં શ્રી હર્ષદકુમાર નાનજીભાઈ વિડજાનું છે, **દક્ષિણ** : ગૌતમ સોસાયટીના શેરી નંબર ૪ નો રસ્તો, **બેંકને જાણમાં હોય તેવા બોજા : શૂન્ય.** **(સાંકેતિક કબજો)**	**રીઝર્વ કિંમત :** રૂ. ૨,૪૫,૦૦,૦૦૦/- **ઈએમડી :** રૂ. ૨૪,૫૦,૦૦૦/- **બીડ વૃદ્ધિ :** રૂ. ૧,૦૦,૦૦૦/-
	ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૩૦૫, **૮. શ્રી પંકજભાઈ હરિભાઈ પટેલ (જામીનદાર)**, બિલેશ્વર કાંપા, હરસોલ, તા. તલોદ, જિલ્લા સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩૩૦૫, **૯. શ્રીમતી સ્વાતીબેન ભરતભાઈ પટેલ (વંસાદાડિયા) (જામીનદાર)**, નંદાલય, ગૌતમ સોસાયટી - ૪, રવાપર રોડ, મોરબી, ગુજરાત, રાજકોટ, ગુજરાત - ૩૬૩૬૪૧, **તેમજ** પ્લોટ નં. ૩૮/૧ પર આવેલ રહેણાંક બંગલો, ગૌતમ સોસાયટી, આર.એસ.નં. ૧૧૩૦/૧, સ્ટ્રીટ નં. ૪, નીલકંઠ સોસાયટી પાછળ, રવાપર રોડ, મોરબી, રાજકોટ, ગુજરાત - ૩૬૩૬૪૧, **૧૦. શ્રી ભરતભાઈ બચુભાઈ પટેલ (વંસાદાડિયા) (જામીનદાર)**, નંદાલય, ગૌતમ સોસાયટી - ૪, રવાપર રોડ, મોરબી, ગુજરાત, રાજકોટ, ગુજરાત - ૩૬૩૬૪૧, **તેમજ** પ્લોટ નં. ૩૮/૧ પર આવેલ રહેણાંક બંગલો, ગૌતમ સોસાયટી, આર.એસ.નં. ૧૧૩૦/૧, સ્ટ્રીટ નં. ૪, નીલકંઠ સોસાયટી પાછળ, રવાપર રોડ, મોરબી, રાજકોટ, ગુજરાત - ૩૬૩૬૪૧, **૧૧. શ્રી રમેશભાઈ ધીરજલાલ પટેલ (જામીનદાર)**, સંખેશ્વરા સેરેનિટી, એ બ્લોક, ૬ઠો માળ, ૬૦૧, નં. ૧૦૮૯, પોનમાલી હાઈ રોડ, વેપેરી, ફલાવર્સ રોડ, ચેન્નાઈ, તમિલનાડુ - ૬૦૦૦૮૪, **૧૨. શ્રી નરસિંહભાઈ રામાભાઈ પટેલ (જામીનદાર)**, નરસીપુરા, કુકડિયા, તા. ઈડર, જિલ્લા સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩૪૧૦, **૧૩. શ્રી હિરેનકુમાર ધુલાભાઈ પટેલ (જામીનદાર)**, પટેલ ફળી, નવો રેવાસ, રેવાસ, સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩૪૫૦, **૧૪. શ્રી દિનેશભાઈ બાબુભાઈ પટેલ (જામીનદાર)**, બદામકાંપા, પોસ્ટ હરસોલ, તા. તલોદ, જિલ્લા સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩૩૦૫, **તેમજ** ૫૦૨, મહર્ષિ ટાવર, યુનિવર્સિટી રોડ, જલારામ ૨, રૈયા રોડ, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૭.			

ઈ-હરાજીની તા. ૨૭.૦૭.૨૦૨૬ અને ઈ-હરાજીનો સમય : બપોરના ૨:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારાના સમયગાળા સાથે)

નોંધ : ઉપરોક્ત મિલકત રચનાત્મક (સાંકેતિક) કબજામાં છે અને સંભવિત બોલી લગાવનારાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ સાંકેતિક કબજા હેઠળ મિલકતના વધારાના નિયમો અને શરતોનો સંદર્ભ લે.

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://www.bankofbaroda.bank.in/e-auction.htm અને https://baanknet.com માં આપેલ લિંક જોવા વિનંતી છે. પ્રસ્તાવિત બીડર્સ અધિકૃત અધિકારી **શ્રી વિજયકુમાર મિશ્રા, ચીફ મેનેજર, ZOSARB, અમદાવાદ, મોબાઈલ નં. ૯૬૮૭૬ ૭૧૯૮૫ નો સંપર્ક પણ કરી શકે છે. (જંગમ / સ્થાવર મિલકતોના વેચાણ પર સરકારી નિયમો પ્રમાણે લાગુ પડતા જીએસટી / ટીડીએસ ખરીદનારે ચૂકવવાપાત્ર છે.)**

તારીખ : ૩૦.૦૬.૨૦૨૬ | સ્થળ : અમદાવાદ — નોંધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃતિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે. — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા